ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

અર્થતંત્રનું ચિત્ર ને ભવિષ્યનું ઝાંખું દેખાય છે,
ફેરવો ધાબે જઈને બૂસ્ટર, ઝાંખું દેખાય છે,
દેખાતું નથી ભાવિ, ભાગ્યમાં તો ઉડે છે મચ્છરાં -
આવ્યાં છે કોરોનાના મોતિયા, ઝાંખુ દેખાય છે.
(બૂસ્ટર પેકેજ)

હાઈકુ

વેક્સીન પર્દે
આવી ગી છે છારી
કેન્દ્રો છે બંધ...

દંભની ખાંડે
ઈમેજ રેટીના ને
થયું નૂકશાન!

### ચિંતન

પરીક્ષણઃ કશ્ચિત્સમૃહયતિ થવાનાં પ્રસૃતયે સ
પશ્ચાંત્સંપૂર્ણો ગણપતિ ધર્સિ તૃણસમામ્ ।
અતશ્ચનૈકાન્ત્યાદ્ ગુરુ લઘુતાચાર્યેષુ
ધનિનામવસ્થા વસ્તૂનિ પ્રપયતિ ચ સંકોચયતિ ચ ॥

ઉપરોક્ત શ્લોક સુભાષિત રત્નભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.

પૈસા વિનાનો માણસ પહેલાં તો ખોલા જેટલા જવ-ધાન્ય માટે પણ લાલચ આશા રાખે છે. પરંતુ જયારે તેની પાસે કોઈ કારણસર છલોછલ ધન આવી જાય ત્યારે તે આખી પૃથ્વીને તણખલાની તોલે ગણે છે. એનો કોઈ લઘુતા કે ગુરુતાનો કોઈ નિશ્ચિત નિર્ણય નથી. ધનવાનપણું કે ગરીબી જ એવી અવસ્થા જ પદાર્થને નાનો કે મોટો બનાવે છે. આ ભૌતિક સુખોથી ભરેલો માયાવી સંસાર પૈસાને ખૂબ મહત્ત્વ આપે છે. અહીં લોકો વિદ્વતા કે સદ્ગુણ જોતા નથી. સત્તા-પદ અને પૈસા માણસને ગુણવાન-બુદ્ધિમાન અને મહાન ઠરાવે છે.

અભણ પ્રધાનો પણ સંસ્કૃત વિદ્વાનોના સેમિનારમાં મંચ-અધ્યક્ષ બની બેઠા હોય છે. એટલું જ નહીં તેમના અંગત સચિવે લખી આપેલા સૂચનો પણ સૂચવે છે. ટૂંકમાં નિર્ધન નાનો રહે અને ધનવાન સમાજમાં ઉચ્ચ સ્થાને બિરાજે છે.

### સુવિચાર

- જ્ઞાની દ્વંદ્વથી પર થયેલા હોય અને દ્વંદ્વ એ જ સંસાર - **ડો. નીરુબહેન અમીન**
- દૂસરોં કો ક્યા કરના ચાહિયે યે વોહી તય કરતે હૈ...
  જિસકા ખુદ કા કુછ ભી તય નહીં હોતા હૈ - **આશીષ મહેતા**
- અંગત પાસેથી અપેક્ષા રાખવી એ ગુનો નથી,
  પણ અપેક્ષા માટે અંગત બનવું એ ગુનો છે - **એસ. ભટ્ટાચાર્ય**
- સુખ માટે સ્વાવલંબન જ એક વિકલ્પ છે - **ડેનિસ વિટ્ટલ**
- શબ્દોના તીર ચાલતા હોય અને તે લાગી જાય તો સમજવું અભિમાનની હાજરી છે - **અનિલ ચાવડા**
- ઊંચા ધ્યેયને આંબવામાં મળેલી નિષ્ફળતા છીછરી સફળતા કરતાં વધારે મૂલ્યવાન છે - **બોધિવૃક્ષ**
- આજનું ઔષધ : દારુડીના તેલને શેરડીના રસમાં એક નાની ચમચી મિક્સ કરી કમળાના દર્દીને પીવાથી ફાયદો થાય છે. **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

સુપ્રસિદ્ધ, સંવેદનશીલ લેખક સમરસેટ મોમ મેડિકલ અભ્યાસ કરી દાકતર થયા. લંડનની સિવિલ હોસ્પિટલ ગરીબ દર્દીઓની સેવા કરતા. એમણે એક ગરીબ પેશન્ટ છોકરી પર એક વાર્તા લખી. 'લીઝા ઓફ લેમ્બેથ.' જે વાર્તા વિવેચકોએ ખૂબ વખાણી પણ એમાંથી કંઈ આવક મળી નહીં. પછી નાટકો લખ્યાં. દસેક વર્ષ નવલકથા, નાટકો લખ્યા પણ ધારી આવક થતી ન હતી. આ સમય દરમિયાન અમુક દિવસો એવા પણ ગયા કે સાંજના ભોજનના પૈસા ન હતા. છતાં લેખનમાં વળગેલાં રહ્યા અને ખૂબ ધન કમાયાં અને ફ્રાન્સમાં ભવ્ય નિવાસસ્થાન બનાવ્યું. એક પત્રકાર એમને મળવા આવ્યો એણે દિવાનખાનાની સ્જાવટ જોઈને પૂછ્યું. 'મિ. મોમ, તમારું આ ફર્નિચર, આ કિંમતી ઓઈલ પેઈન્ટીંગ તેમાં આ જૂનો કાચનો પ્યાલો ક્યાંથી આવ્યો ? એમાં તો તિરાડ પણ પડેલી છે ! આ પ્યાલો અહીં શોભતો નથી.' સમરસેટ જવાબમાં કહ્યું, 'ખૂબ કમાઉ છું, વખણાઉં છું, મગજમાં નશા જેવું લાગે છે, અભિમાન આવે છે ત્યારે આ તિરાડવાળા ગ્લાસમાં પાણી લઈને ધીમે ધીમે ઘૂંટડા ભરું છું અને વર્ષો પહેલાનાં ગરીબીના દિવસો યાદ કરું છું કે જયારે એક ટંક જમવાના પૈસા ન હતા. વાર્તા લખવા જયારો સૂર્યોદય જોતો, જયારે જિંદગી વાર્તાના કાચા મસાલા તરીકે જ જીવવી પડતી... પણ દિલ રેડીને વાર્તાલેખનમાં ડૂબી જતો. એ જ જિંદગીની ઉત્તમ દવા બનાવી લીધી હતી. કેમ કે મને કબર ન પડતી કે સામે આવીને ઊભેલી 'દેવી' સફળતાનો સંદેશો લાવી છે કે નિષ્ફળતાનો. કયાંક તત્કાળ મળેલી નિષ્ફળતા ખૂબ મોટી સફળતાની ચાવી બનીને આવે છે તો કયાંક તત્કાળ સફળથામાં નિષ્ફળતા સંતાઈને બેઠી હોય છે.' પત્રકારે સમરસેટના વિચારોને વંદન કરી ઈન્ટરવ્યુ પૂરો કર્યો.

# મોદી મંત્રીમંડળનું વિસ્તરણ

તંત્રીસ્થાનેથી...

વડાપ્રધાન નરેન્દ્ર મોદી એમના મંત્રીમંડળનું પ્રથમ વિસ્તરણ કરવા જઈ રહ્યા છે. ગંજીફો ચીપીને તેઓ પ્રાદેશિક નેતૃત્વ ઉપરાંત 'વચન પાલન' ના ભારતીય આદર્શનો નમૂનો રજૂ કરશે. સોનોવાલને આસામમાં બીજી ટર્મ ન આપી શક્યા કારણ કે કોંગ્રેસમાંથી આયાત કરેલા પ્રખર નેતાને તો મુખ્યમંત્રી જ થવું હતું. એમ તો મધ્યપ્રદેશમાંથી આયાત કરેલ રાજવંશી જણસને પણ ભોપાલનું સિંહાસન જ ખપે છે પણ એ માટે એમણે પોતાની વફાદારી પુરાવાર કરવી પડશે. હાલ તો એમને રાજયસભામાં ચૂંટાવી દીધા છે અને કૅબિનેટ રેન્કના મંત્રી તરીકે કોઈ શોભે એવા ખાતામાં બેસાડી દેવાના છે. આ તો રામભક્ત વડાપ્રધાનનું વચન. 'પ્રાણ જાયે અટુ વચન ના જાઈ.' જયોતિરાદિત્ય સિંધિયા જે જગ્યા પર બેસશે તે જગ્યા જ શોભી ઊઠવાની છે, પણ મોદી-શાહ એ બાબતનું પણ ધ્યાન રાખશે કે લોકો 'મહારાજ' ની જય બોલાવતા ન થઈ જાય. પ્રતિસ્પર્ધી તરીકે કોઈને પણ શાણો રાજકારણી વિકસવા ન દે, ખાસ તો જયારે એનું લોહી જ રાજવંશી હોય ત્યારે એનાથી સવિશેષ ચેતતા રહેવું પડે. વસુંધરા રાજેને નરેન્દ્ર મોદી સામે સિનિયોરિટીના મુદ્દે વાંધો હતો. પોતે રાજમાતા વિજયારાજે સિંધિયાનાં લાકડાં કુંવરી અને માધવરાવ જેવા પ્રખર અને સફળ કોંગ્રેસી ચાલબાજ મહાદજી સિંધિયાનાં વંશજો. એમની વડછડ અને મોં - મચકોડ પારખી જઈ મોદીજીએ એને શરૂથી જ સાઈડલાઈન કરવાની રાજનીતિ અમલમાં મૂકી. સુયોગ એવો થયો કે કોંગ્રેસે જ સામે ચાલીને જયોતિરાદિત્ય જેવો હણહણતો વછેરો છૂટો મૂકી દીધો, મોદીથી વધારે ભાગ્યશાળી નેતા આ પૃથ્વીના પટ પર થયો નથી કે થશે કે કેમ તે સવાલ છે. મોદી પાસે અમિત શાહ જેવા ગણતરીબાજ 'ચાણક્ય' છે. એમને એ પદ પર ઊંચકવા માટે મોદીએ કેટલાયે સિનિયરોને નારાજ કરવા પડ્યા હતા. ખુદ પોતાના ખભે બેસાડીને દિલ્હીના મયૂરાસન સુધી લઈ જનારા રાજનાથસિંહ હવે હાંસિયે ધકેલાઈ ગયા છે. કહેવા પૂરતા જ નંબર-ટુ રહ્યા છે. ગંજીફો ચીપતાં કેટલાંય રદ્દી થઈ ગયેલાં પાનાં ખરી પડવાની શક્યતા પણ છે જ. જયાં જયાં વિધાનસભાની ચૂંટણીઓ આવે છે ત્યાંના મતદારોને રીઝવવા તે વિસ્તારોને કેન્દ્રીય કેબિનેટમાં વિશેષ પ્રતિનિધિત્વ આપવાની ગણતરી પણ આ ગુજ્જુ જોડીના દિમાગમાં હોય જ. ઉત્તરપ્રદેશને એ રૂએ મહત્ત્વ અપાશે. બંગાળમાં પછડાટ મળ્યા પછી ચૂંટણી પૂર્વે મોદીના તેજથી અંજાઈને ભાજપમાં ધસી આવેલા કોંગ્રેસી તૃણમૂલિયા પૈકી તથા મૂળ ભાજપના પ્રતિનિધિઓને પણ મંત્રીમંડળમાં સામેલ કરવા પડશે. જગ્યાઓ તો ઘણી ખાલી રાખેલી જ છે. હિંદુ હૃદય સમ્રાટ મોદી થોડું જાતિગત સંતુલન ગોઠવવા દલિત-આદિવાસી - લઘુમતીના એકાદ બે પ્રતિનિધિ ઉપરાંત કેજરીવાલ સામે બાથ ભડનારાં મીનાક્ષી લેખી જેવાં ધારાશાસ્ત્રી સાંસદને પણ કૅબિનેટમાં સ્થાન મળવાની શક્યતા છે. સૌથી વધુ મહત્ત્વનું પ્રતિનિધિત્વ કેન્દ્ર શાસિત જમ્મુ-કાશ્મીર અને લદ્દાખનું રહેશે. મોદીએ આ બધું બહુ જ ઊંડાણથી વિચારી રાખેલું હશે. દક્ષિણના નેતાઓને પણ લેવા પડે અને મહારાષ્ટ્ર તથા પંજાબને પણ સાચવવાં પડે. પેપર ફૂટે નહીં ત્યાં સુધી આપણે કાગડોળે રાહ જોયા કરવાની !

# ઓપન પ્લેટફોર્મ : પ્રતિભાશાળી માટે મોકળું મેદાન

મન-રંજન
દ્વનિલ પારેખ

છેલ્લા લાંબા સમયથી સિનેમાગૃહો બંધ છે, હવે પચાસ ટકાની ક્ષમતા સાથે સિનેમાગૃહો ખોલવાની મંજૂરી આપવામાં આવી છે. પરંતુ આ પચાસ ટકાની ક્ષમતા સાથે સિનેમાગૃહો ખોલવા માટે માલિકો તૈયાર છે કે કેમ ? આ રીતે સિનેમાગૃહો શરૂ થાય એમાં માલિકોને કમાણી થશે કે કેમ ? માનો કે દેશભરમાં આ રીતે સિનેમાગૃહો શરુ થાય તો ટિકિટનો ભાવ એકદમ બમણો થઈ જશે. સહુથી અગત્યની વાત એ છે કે, કે આ રીતે નથી ફિલ્મો રજૂ ખરવાનું સાહસ કોણ કરશે ? નવી ફિલ્મો સિનેમાગૃહમાં રજૂ કરવાના વલણમાં ઓટ એ રીતે પણ આવી છે, કે હવે ફિલ્મો ઓપન પ્લેટફોર્મ પર રજૂ કરી શકાય છે, બેરોકટોક!



છેલ્લા બે વર્ષનો વિચાર કરીએ તો કેટલીયે ફિલ્મો આ રીતે ઓપન પ્લેટફોર્મ પર રજૂ થઈ અને લોકપ્રિય પણ થઈ. છેલ્લે સલમાન ખાન અભિનિત 'રાધે' રજૂ થઈ હતી પણ એ સદંતર નિષ્ફળ સાબિત થઈ હતી. સલમાન ખાનની ફિલ્મોનો એક મોટો ચાહક વર્ગ છે. પણ સલમાન ખાનમાં હવે કશું નવું નથી, ઓપન પ્લેટફોર્મ પર વિષયની રીતે અને અભિનયની રીતે નવું જોવા ટેવાયેલી પ્રજા 'રાધે' ને નિષ્ફળ બનાવે એ સ્વાભાવિક છે. પણ ઓપન પ્લેટફોર્મથી જે એક ફાયદો થયો છે એ, કે ઘણી નવી પ્રતિભાઓને એમની અભિનયશક્તિ બહાર લાવવાનો મોકો મળ્યો. મનોજ વાજપેયી, નસીરુદ્દીન શાહ, નવાઝુદ્દીન સિદ્દીકી વગેરે અભિનેતાઓએ ફિલ્મી દુનિયામાં પોતાનો એક મુકામ હાંસિયે કરી દીધો હતો અને પછી વેબસિરીઝ કે ઓપન પ્લેટફોર્મ તરફ તેઓ વળ્યા પણ ઘણી પ્રતિભાઓને આ નવા માધ્યમ થકી એક વિશિષ્ટ ઓળખ મળી. એમાં પંકજ ત્રિપાઠીએ 'મિરઝાપુર' કાલીનભાઈ તરીકે લોકપ્રિયતા મેળવી. 'હોટ સ્ટાર' પર આવેલી 'ક્રિમિનલ જસ્ટિસ' બે સિઝનમાં વકીલ તરીકે પણ પંકજ ત્રિપાઠીએ અદ્ભૂત અભિનય કર્યો હતો. 'ક્રિમિનલ જસ્ટિસ' ની પહેલી સિઝનમાં વિક્રાત મેસીની ભૂમિકા પર જોરદાર હતો. ઓપન પ્લેટફોર્મને કારણે વિક્રાંત મેસીને પણ પોતાની પ્રતિભા પુરવાર કરવાની સારી એવી તક મળી .

આ નવી પ્રતિભાઓમાં સૌથી લાજવાબ કોઈ રહ્યું હોય તો ગુજરાતી છોકરો પ્રતીક ગાંધી 'સ્કેમ ૧૯૯૨' આખી સિરિઝ લાજવાબ છે. હર્ષદ મહેતા અને એની સાથે સંકળાયેલી ઘટનાઓને કેન્દ્રમાં રાખીને હંસલ મહેતા 'દિગ્દર્શિત સ્કેમ ૧૯૯૨' અનેક રીતે યાદગાર છે. ૧૯૯૨નું મુંબઈનું વાતાવરણ, આ ઘટના માટે જરૂરી સંશોધન, હર્ષદ મહેતા તરીકે પ્રતીક ગાંધીએ એ ભૂમિકામાં પૂરેલો પ્રાણ, ઉપરાંત નાની-મોટી ભૂમિકા ભજવનાર સૌ સશક્ત અભિનેતાઓ, ટાઈટલ મ્યુઝિક ઉપરાંત કબીર સંગીતનો થયેલો ઉપયોગ - આ બધાને કારણે 'સ્કેમ ૧૯૯૨' અલગ તરી આવે છે. સેક્સ, હિંસા, વલ્ગારિટી, જેવાં તત્ત્વોને બાજુ પર રાખીને પણ અદ્ભૂત કામ થઈ શકે એનું ઉત્તમ ઉદાહરણ 'સ્કેમ ૧૯૯૨' છે. પણ આ સિરિઝનું સૌથી મોટું જમા પાસું તો પ્રતીક ગાંધીનો અભિનય જ ગણવો રહ્યો ! મુંબઈમાં ગુજરાતી તખ્તા સાથે સંકળાયેલા આ અભિનેતા હર્ષદ મહેતાનું પાત્ર જીવી ગયો છે. એના અભિનયનાં વખાણ તો ગુજરાતી સિરિઝ 'વિઠ્ઠલ તીડી'માં પણ થયા છે. મુદ્દો એ છે કે સ્થાપિત અભિનેતાઓની સામે ઓપન પ્લેટફોર્મને કારણે ઘણા નવા પ્રતિભાશાળી અભિનેતાઓને પોતાની પ્રતિભા પુરવાર કરવાનું મોકળું મેદાન મળવા લાગ્યું છે.

# આપણે માત્ર આશાનો સંચાર કરીએ, પછી એ જાતે જ લડી લેશે

આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
vinodjamlani12@gmail.com

**(વિચારબીજ : પ્રદીપ ગોકાણી, લુધીયાણા)**

એક જાતવંત ઘોડો દળદળમાં ફસાઈ ગયો હતો. બહાર નિકળવા માટે ઘણાં પ્રયાસો કર્યા પણ નિષ્ફળ ગયો. કોઈપણ વ્યકિત તેને બહાર કાઢશે એવી આશા પણ છોડીને અંતે એ થાકીને, નિરાશ થઈને, હારીને, દળદળમાં બેસી ગયો. બે ત્રણ રેડ ઈન્ડીયન ઘોડેસવારો એ દળદળ પાસેથી પસાર થઈ રહ્યા હતા. તેમની નજર દળદળમાં ફસાયેલા એ ઘોડા ઉપર પડી. તેમાનો એક સવાર ઘોડો ઉપરથી નીચે ઉતર્યો અને ફસાયેલા ઘોડાનું, પરિસ્થિતીનું નિરીક્ષણ કર્યું અને દળદળમાંથી ઘોડાની છૂટી શકવાની શકયતાનું વિશ્લેષણ કર્યું. ફસાયેલા ઘોડાને કઈ રીતે બચાવવો તેનો તેના મનમાં એક વિચાર આવ્યો. એ ઘોડેસવારો બીજું કઈ ખાસ કઈ ન કર્યું પણ જાતવંત ઘોડાઓનું એક ટોળું એ દળદળ પાસે લાવ્યા અને એ ઘોડાઓને ફસાયેલા ઘોડાની ફરતે દળદળની બહાર એકસાથે પૂરજોશમાં દોડાવ્યા.

દળદળમાં ફસાયેલો ઘોડો થોડી ક્ષણો માટે પોતાની ફરતે દોડતા ઘોડાઓને નિહાળ્યા અને પછી જાણે એ ઘોડાઓની જેમ જ પોતાને પણ દોડવાની તીવ્ર ઈચ્છા થઈ હોય એમ દોડવા માટે પ્રયત્ન કરવા લાગ્યો. પેલા ઘોડાઓની હણહણાટી, તેમનું જોશ, તેમનો ઉત્સાહ અને તેમની રેસમાં દોડતાં હોય એવી પુરજોશ દોડ પેલા ફસાયેલા ઘોડામાં નવો ઉત્સાહ પ્રેર્યો. નવું જોશ પેદા કર્યું, નવી શકિતનો સંચાર કર્યો. પરિણામ એવું આવ્યું કે કોઈપણ પ્રકારની પ્રત્યક્ષ મદદ વિના એ ઘોડો દળદળમાંથી આપમેળે બહાર આવી ગયો અને તેણે દળદળમાંથી છુટકારો મેળવ્યો. પેલા રેડ ઈન્ડીયન ઘોડેસવારોની યોજના સફળ થઈ અને સાવ આશા છોડી દીધેલાં ઘોડાને નવું જીવન આપવાનો તેમને આનંદ થયો. આ સત્ય ઘટના નથી પણ એક 'શોર્ટ ફિલ્મ'નું દ્રશ્ય છે. આપણા જીવનમાં પણ આ પ્રકારની ઘટના ક્યારેક ક્યારેક બનતી હોય છે. આપણા કોઈ સ્નેહી, સબંધી, મિત્ર કે કુટુંબીજન પેલા દળદળમાં ફસાઈ ગયેલા ઘોડા જેવી પરિસ્થિતિમાં મુકાઈ ગયા હોય. તેઓ ક્યારેક કોઈ આર્થિક ભીંસમાં આવી ગયા હોય, તે કોઈ નોકરી કે વ્યવસાયીક મુશ્કેલીમાં આવી ગયા હોય, કોઈ સામાજીક સમસ્યામાં ફસાઈ ગયા હોય અને પોતાની મુશ્કેલીમાંથી બહાર આવવા માટે પેલા ઘોડાની જેમ પોતાની મેળે ઘણા પ્રયત્નો કર્યા હોય પણ પોતે તેમાં વિફળ રહ્યા હોય. જ્યારે પોતાની મેળે તેને કોઈ જ માર્ગ સૂઝયો ન હોય ત્યારે અંતે તે પેલા ઘોડાની જેમ હિંમત હારી, નિરાશ થઈ, બે હાથ જોડીને બેસી ગયા હોય એક જ આશા સાથે કે કોઈ આવે, તેમને મદદ કરે અને કોઈનાં સહારે તે આવી પડેલી મુશ્કેલીમાંથી બહાર નીકળે. આપણા સ્નેહીજનને મુશ્કેલીમાં ફસાયેલા જોઈને, તેમને ખરાબ પરિસ્થિતિ જોઈને, આપણને તેમની દયા આવતી હોય છે અને પેલા રેડ ઈન્ડીયન ઘોડેસવારોની જેમ આપણી ફરજ સમજીને આપણે ઘણીવાર તેમને મદદ કરવા માટે દોડી જતા હોઈએ છીએ.

મુશ્કેલીમાં ફસાયેલા સ્નેહીજનને મદદ કરવાની આપણી વ્યાખ્યા કદાચ પેલી 'શોર્ટ ફિલ્મ' ના રેડ ઈન્ડિયન્સ વ્યક્તિઓ કરતાં જુદી હોય છ. આપણા સ્નેહીજન આર્થિક મુશ્કેલીમાં હોય તો તેમાંથી બહાર કાઢવા માટે મોટેભાગે આપણે થોડી ઘણી આર્થિક મદદ કરતા હોઈએ છીએ. અન્ય પ્રકારની મુશ્કેલી હોય તો કોઈને થોડી ભલામણ રૂપે, થોડો સાથ-સહકાર આપીને, ક્યારેક બે-ચાર સલાહસૂચનો કે આશ્વાસનનાં બે-ચાર શબ્દો કહીને તો ક્યારેક એ મુશ્કેલીમાંથી છૂટવા માટે બે-ચાર માર્ગ બતાવીને આપણે મદદ કરતાં હોઈએ છીએ. સ્નેહીજનને આ પ્રકારે કરેલી આપણી મદદ ક્યારેક કારગત નીવડે છે તોક્યારેક કારગત નથી નિવડતી. ક્યારેક એવું પણ બને કે આપણે તેમને મદદ કરવાના આશયથી આપેલા સલાહ-સૂચનોનું સ્નેહીજન પાલન કરે તો તેમની મુશ્કેલીઓ ઘટવાને બદલે વધી જતી પણ હોય છ. આ બધાનો આધાર તેમની કયા પ્રકારની મુશ્કેલી છે તેના ઉપર હોય છે.

દળદળમાં ફસાઈ ગયેલા પેલા ઘોડાને બહાર કાઢવાની પેલા રેડ ઈન્ડીયન્સ ઘોડેસવારોની રીત નવોન્મેષ હતી. દળદળમાં ફસાયેલા ઘોડા સામે તેઓએ ઘોડાઓને જ પરોક્ષ મદદ માટેઉતાર્યા. ફસાયેલા ઘોડાની સામે જ ઘોડાઓને પૂરજોશમાં દોડાવીને ફસાયેલા ઘોડાને એક અહેસાસ કરાવ્યો કે, "જો આ પણ તારા જેવા જ ઘોડા છે. એ ઘોડાઓ જો દોડી શકતા હોય તો તું પણ આમ જ દોડી શકે છે. તારે થોડી વધારે મહેનત કરવાની જરૂર છે. તારામાં પણ આ ઘોડાઓ જેટલી તાકાત છે, તારામાં પણ એટલું જ જોશ છે અને શક્તિ છે." રેડ ઈન્ડિયન્સ નો આ આ પ્રકારનો નવોન્મેષ વિચાર કામ કરી ગયો અને દળદળમાંથી ઘોડો બહાર નીકળી શક્યો.

કોઈપણ પ્રકારની મુશ્કેલીમાં ફસાઈ ગયેલા આપણાં સ્નેહીજનોને ભલે આપણે ઉપર જણાવેલી કોઈપણ રીતથી પ્રત્યક્ષ મદદ કરીએ પણ એ મદદ ઉપરાંત પણ પેલા રેડ ઈન્ડિયન્સ જેવો વિચાર પણ અમલમાં મૂકીએ તો મુશ્કેલીમાં મુકાયેલા સ્નેહીજનોને કદાચ વધારે સારી રીતે સહાયરૂપ થઈ શકાય. વ્યક્તિ જ્યારે કોઈપણ પ્રકારની મુશ્કેલીમાં ફસાય છે ત્યારે તેમાંથી બહાર કાઢવા માટે તેમને એવો અહેસાસ કરાવવો જરૂરી બનતો હોય છે કે "તમે આ મુશ્કેલીમાંથી બહાર નીકળી શકો છો. આ મુશ્કેલીમાંથી તમે પોતે જાતે બહાર આવી શકો છો. તમારામાં તાકાત છે, તમારામાં જોશ છે, તમારામાં શક્તિ છે. તમે હિંમત નહીં હારો અને પ્રયત્ન ચાલુ રાખો. તમે આપમેળે બહાર આવી જશો" આમ એ સ્નેહીજનને આપણે તેમની હિંમત એકઠી કરવા માટે સહાય કરીએ, તેમનામાં એક નવી આશાનો સંચાર કરવામાં મદદ કરીએ, સુષુપ્ત થઈ ગયેલા તેમના હોશ અને તાકાતને જાગૃત કરવામાં આપણી શક્તી કામે લગાડીએ તે એ સ્નેહીજન કદાચ આપમેળે હારી ગયેલો જંગ જીતી શકે.

બસ, આપણે આટલું જ કરવાનું હોય છે. આપણે એટલું પણ માટે કરી શકીએ તો બાકીનું યુદ્ધ તો એ પોતાની જાતે લડી લેશે.

# પુરાણો ફંફોસીને લખાયેલી વાર્તાઓ- 'શૂદ્રપર્વ'

મનના ઉમંગો
રણછોડ પરમાર

ગુજરાતના જે કેટલાક ઉત્તમ સાહિત્યકારો ગાંધીનગરમાં વસે છે તેમાં શ્રી પ્રવીણભાઈ ગઢવીનો પણ સમાવેશ થાય છે. તેઓ અત્યંત સંવેદનશીલ હૃદય ધરાવે છે. એમના માનવતાવાદી સ્વભાવે જ એમને બિનદલિત હોવા છતાં સવાયા દલિત બનાવ્યા છે. આઈએએસ અધિકારી તરીકે નિવૃત થયા બાદ અત્યારે તેઓ દલિત સાહિત્ય અકાદમીના પ્રમુખ છે. નિવૃત થતા પહેલાં સનદી અધિકારી તરીકે તેમણે ઘણા સુંદર કામો કર્યા હશે એ તો તેઓ પોતે તેમની આત્મકથા લખે અથવા તેમના કોઈ અંતરંગમિત્ર જીવનચરિત્ર લખે તો જાણવા મળે.( કોઈ ફાઈલ ખોલે તો એમના સુકાર્યો બોલે, બાકી પોતે તો કશું બોલવાના નથી) તેઓ અમરેલી જિલ્લામાં કલેક્ટર તરીકે ફરજો બજાવતા હતા ત્યારે ગુજરાતના સુપ્રસિધ્ધ કવિશ્રી કલાપીની યાદગીરીરુપ તેમના વતન લાઠીમાં એક નાનકડું પણ સુંદર સંગ્રહાલય બનાવ્યું છે.નવાઈની વાત પાછી એ છે કે આ સંગ્રહાલય લોકફાળો એકઠો કરીને બવાયું છે. તેમ કરીને તેમણે સ્વ. કલાપીની સ્મૃતિઓને લાઠીમાંથી નામશેષ થતી બચાવી લીધી છે. સમગ્ર ગુજરાતમાં કોઈ ઉચ્ચતમ અધિકારીએ કોઈ સાહિત્યકારની યાદોને સાચવી રાખવા માટે આવું કોઈ કાર્ય કર્યું હોય તેવું મારી જાણમાં નથી.

તેમની કવિતાઓ અને વાર્તાઓ હું ઘણા સમયથી ગુજરાતના પ્રતિષ્ઠિત સામયિકોમાં વાંચતો આવ્યો છું. એક કાવ્ય સંગ્રહ વાંચ્યો છે. તેઓ મોટે ભાગે અછાંદસ કાવ્યો લખે છે. પણ એક આખું વાર્તાસંગ્રહનું પુસ્તક તો આ પહેલીવાર જ વાંચવાનું થયું. એક સાથે અઢાર વાર્તાઓ ! અને એય પાછી વેદ-પુરાણ-ઉપનિષદોના ઝીણવટભર્યા અધ્યયન બાદ લખાયેલી દલિત વાર્તાઓ ! સામે મેં તો મુરારીબાપુના રામાયણ સિવાય બીજા કોઈ ધર્મગ્રંથને હાથમાંય લીધો નથી. છૂટક છૂટક વાર્તાઓ કોઈ મેગેઝીનમાં વાંચી હોય તે માફ. હું કેવી રીતે આ વાર્તાઓને પૌરાણિક સંદર્ભોથી ચકાસી શકુ ? હું તો કેવળ વાર્તાને વાર્તા રુપે જ જોઈ શકું, વાંચી શકું અને વાંચ્યા બાદ બે શબ્દો લખી શકું.

પણ શ્રી કલ્પેશભાઈ પટેલે અઢારેઅઢાર વાર્તાઓ વાંચી-તપાસીને તેના અર્થઘટનો સહિત બહુ સુંદર રીતે ઉઘાડી આપી છે. તેમના આ લેખ પછી કંઈ પણ લખવું તે અંબાડી સાથે બાબાગાડી ચલાવવા જેવું કામ છે. એટલે હું બધી વાર્તાઓ વિશે ટીકાટીપ્પણ કરવાને બદલે એકબે વાર્તાઓ વિશે જ લખું તે મારા માટે યોગ્ય રહેશે. શ્રી કલ્પેશભાઈને 'મત્સયગંધા' વાર્તા સંગ્રહની શ્રેષ્ઠ વાર્તા લાગી છે. બેશક, "મત્સયગંધા' એક ઉત્તમ વાર્તા બની આવી છે. પણ મને પોતાને 'એકલવ્ય' વાર્તા ખુબ ગમી છે. આખી વાર્તા તમામ વાર્તાઓ કરતાં જુદી શૈલીથી લખાઈ છે. મહાયોધ્ધા એકલવ્ય તેમની પર્ણકુટિમાં આગલી રાતે આવેલા ઉન્માદી વાવાઝોડાનો વિનાશ જોતા સૂતા છે. પંખીના માળા જેવી ઝૂપડીમાં આખી રાત ઊંઘ આવી નથી. સફેદ દાઢી પર હાથ ફેરવતાં ફેરવતાં મનમાં હસતાં હસતા કૂદરતે વેરેલા વિનાશને જોતાં જોતાં કુરુપુત્રોએ સ્વયં સ્વીકારેલા આત્મનાશનો આખો ઘટનાક્રમ તેઓ પોતાની નજરો સમક્ષ નિહાળી રહ્યા છે.એકલવ્યની દ્રષ્ટિમાં દૂર્યોધન અને યુધિષ્ઠિરમાં ઝાઝો તફાવત દેખાતો નથી. એક અવિચારી છે તો બીજો જુગારી. એ પછી એમને શંબરનો વિનાશ યાદ આવે છે, કચ અને દેવયાની સાંભરે છે. તિલોત્તમાના રુપમાં આંધળા બની સામસામા આવી ગયેલા સુંદ- ઉપસુંદ ભાઈઓ પણ સ્મૃતિમાં ઝળકી જાય છે. અનસૂયાને નગ્નાવસ્થામાં ભિક્ષા આપવાની ફરજ પાડનાર ઋષિઓ અને પોતાની માતાના ચારિત્ર્ય પર શંકા કરી શિરચ્છેદ કરનારા પરશુરામ પણ નજર સામે તરી આવે છે. મહાભારતનું યુધ્ધ તો અઢાર દિવસ ચાલ્યું હતું પણ એકલવ્ય સાથેનું યુધ્ધ અઢાર વરસ ચાલ્યું છે. પેલી પ્રસિધ્ધ ઉક્તિ " સમય સમય બલવાન હૈ, નહીં મનુષ બલવાન; કાબે અર્જુન લૂંટિયો વહી ધનુષ, વહી બાણ' આ યુધ્ધના પરિણામને દર્શાવવા જ લખાઈ છે ને ? આખી વાર્તા એકલવ્યની સ્મૃતિકથા બનીને આવી છે. શૂદ્રો પર કેટકેટલા અત્યાચારો થયા છે એની એક આખી ફિલમ જાણે કે એમની નજરો સામે દેખાઈ રહી છે. બીજી વાર્તાઓની જેમ ઠેર ઠેર સંસ્કૃત શબ્દોનો ઉપયોગ અનાયાસે ટળી ગયો છે. એના કારણે આખી કથા એકદમ પ્રવાહી બની છે. અંત પણ સુંદર થયો છે. વિનાશની રાત્રિ વીત્યા પછીની સવારના સમયે જૂની સ્મૃતિઓ વાગોળતા એકલવ્યને દૂરથી પૂરવાટ વેગે અશ્વ દોડાવીને આવતો યોધ્ધા જર નજરે પડે છે. જર આવીને કૃષ્ણના વધના સમાચાર આપે છે. એકલવ્યને પોતાનું જીવનકાર્ય પૂર્ણ થયું હોય તેવું લાગે છે. તે પોતાની પુત્રીનો હાથ જરના હાથમાં સોંપી, સદાને માટે આંખો મીંચાઈ જાય તે પહેલા જો આર્યો તેમને સ્વીકારી લે તો ધનુષના કટકા કરી ફેંકી દેવાની સલાહ પણ આપે છે. આવી સુંદર વાર્તા આપવા માટે પ્રવીણભાઈ અઢળક અભિનંદનના અધિકારી છે.

આવી જ એક બીજી વારતા 'ચાંડાલ ભોજન' છે. અવંતીનો રાજકુમાર અવંતીવર્ધન ચાંડાલકન્યા વસંતમંજરીના કામણ અને રુપથી આકર્ષાય છે. તેની સાથે પરણવા હઠ કરે છે. રાજા પાલક કન્યાના પિતા પાસે માંગું લઈને જાય છે. કન્યાનો પિતા ચાંડાલભોજન કરાવવાની શરત મૂકે છે. રાજા એ શરતનો અમલ કરવા નગરના બ્રાહ્મણોને આદેશ કરે છે. બ્રાહ્મણોમાં હાહાકાર થઈ જાય છે. બધા મહાકાલેશ્વર પાસે રજૂઆત કરવા જાય છે. મહાકાલેશ્વરના પૂજારી સમય વર્તી ડાકલું વગાડી. ધૂણીને બધા બ્રાહ્મણોને જમવા જવાની સંમતિ આપે છે. બ્રાહ્મણોનો જીવ બચી જાય છે અને ભોજન પ્રાપ્ત થાય છે. સાવ આધુનિક વાર્તા હોય તેવી આખી કથા છે.

અનુસંધાન પાના નં. ૭ પર

# જયારે બળ અને બુદ્ધિનો સમન્વય થાય ત્યારે જ કોઈ કામ સફળ થાય છે

નવાં કલેવર
નટવર હેડાઉ

એકવાર બળ અને બુદ્ધિ વચ્ચે વિવાદ થઈ ગયો. 'બળ કહે કે 'મારા જેવું કોઈ નહીં, મારા વિના કંઈ પણ ન થઈ શકે.'

બુદ્ધિ બોલી, 'તું મારા વિના કંઈ ન કરી શકે. હું મોટી છું. મારા વિના તારી ઉપયોગીતા કયાં છે?'

બંને આ બાબતને લઈને લડી પડ્યાં. પોતાના આ વિવાદનો ઉકેલ લાવવા તે વિવેક પાસે પહોંચ્યા. બળ અને બુદ્ધિ બંનેએ પોતપોતાની વિશેષતા અને શ્રેષ્ઠતા બતાવી ન્યાય કરવાની વિનંતી કરી.

વિવેકે તેમની વાત સ્વીકારી. તેણે કહ્યું 'તમે મારી સાથે ચાલો. હું તમારો ન્યાય કરીશ.'

વિવેકે પોતાના હાથમાં એક હથોડી લીધી. અને એક લોખંડની ખીલી પણ લીધી. ખાલી વાંકી વળેલી હતી. વિવેક તે બંનેને સાથે લઈ નીકળી પડ્યો.

ગામમાં ફરતાં ફરતાં તેઓ છેલ્લા ઘર પાસે આવીને ઊભા રહ્યા. અહીં એક વૃદ્ધ વ્યક્તિ રહેતા હતા.

વિવેક બોલ્યો, 'વડીલ, તમે તો સમજદાર છો. વળી બુદ્ધિશાળી અને અનુભવી પણ છો. તમે અમારું એક નાનું કામ કરી આપો.'

'તમારું શું કામ છે ?'

'આ લોખંડની ખિલ્લી વાંકી વળી ગ છે તેને સીદી કરી આપો.'

'હાં, કરી આપું, એમાં શું થઈ જશે.'

વિવેકે વૃદ્ધ વ્યક્તના હાથમાં હથોડી આપી દીધી. વૃદ્ધ વ્યક્તિ હથોડી ચલાવવા ગયા પણ ચલાવી ન શક્યા. કેમ કે તેમનું શરીર સાવ જર્જરિત અને ઢીલું થઈ ગયેલું હતું. તેમનો હાથ ધ્રુજતો હતો. તે આ કામ કરવા અસમર્થ હતા. તેમણે હથોડી પાછી આપતા કહ્યું, 'ભાઈ, આ કામ તો નહીં થઈ શકે.'

વિવેકે બુદ્ધિને કહ્યું, 'જો બુદ્ધિશાળી હોવા છતાં આ વૃદ્ધ વ્યક્તિ આટલું નાનું કામ કરી શકતા નથી.'

બુદ્ધિ, બળ અને વિવેક ત્રણે આગળ વધ્યાં. વિવેકે જોયું કે એક પહેલવાન જેવો રૂષ્ટપુષ્ટ માણસ ખેતરમાં કામ કરી રહ્યો છે. તે શક્તિશાળી તો છે પણ બુદ્ધિશાળી નથી.

ત્રણે એ યુવાન પાસે પહોંચ્યા. વિવેકે કહ્યું 'ભાઈ, તમે, ખુબ તાકાતવાળા છો, શું તમે અમારું એક કામ કરશો?'

'હાં, લાવો હમણાં જ કરી આપું.'

'આ લોખંડની ખીલી વાંકી વળી ગઈ છે. તેને સીધી કરવી છે. અમે નબળા છીએ. તમે આ હથોડીથી તેને સીદી કરી આપો.'

યુવાને હથોડી હાથમાં લીધી. ખીલીને રેતીના ઢગલા પર રાખી અને તેના પર હથોડીથી જોરદાર પ્રહાર કર્યો. તેના તેજ પ્રહારથી રેતી ઊઠી અને બધાંની આંખોમાં ધૂળ ભરાઈ ગઈ. ખીલી જમીનમાં જતી રહી.

વિવેકે બળને કહ્યું, 'જોયું જયારે બળ હોય અને બુદ્ધિ ન હોય ત્યારે આવું થાય.'

બળ અને બુદ્ધિ બંનેનો અહંકાર ઘવાયો.

વિવેકે કહ્યું, 'તમે ઝઘડશો નહીં.' એટલી વાત સ્વીકારી લો કે બળ એકલું કંઈ કામ આવતું નથી, જયારે બળ અને બુદ્ધિનો સમન્વય થાય ત્યારે જ કોઈ કામ સફળ થાય છે.